રાજયમાં અનુસૂચિત જાતિનાં ૫ (પાંચ) કુમાર
તથા ૫ (પાંચ) કન્યા એમ કુલ ૧૦ (દશ)
સરકારી છાત્રાલયો શરૂ કરવા બાબતે વર્ષ
૨૦૧૭-૧૮ માટે વહીવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ સકછ/૧૦૧૬/૬૯૬૩૩૬(નબા-૬)/ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ૧૮/૫/૨૦૧૭

વંચાણે લીધાઃ-

(૧) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના તા.૪-૧૦-૨૦૧૬ ના પત્ર ક્રમાંકઃ-અજાક/ગ-૧/૬/૨૦૧૭-૧૮/૨૦૨૬૪

ઠ રા વઃ-

અનુસૂચિત જાતિના લોકોની આર્થિક પરિસ્થિતિ સારી ન હોઇ તેઓના બાળકોને ઉચ્ચ શિક્ષણ અપાવી શકતા નથી અને અધવચ્ચેથી બાળકોને અભ્યાસમાંથી ઉઠાડી લેવામાં આવે છે, આ સંજોગોમાં અનુસૂચિત જાતિના વિધાર્થીઓ ઉચ્ચ અભ્યાસ કરવા પ્રેરાય અને તેઓ ઉચ્ચ શિક્ષણના કેન્દ્રો ખાતે રહી અભ્યાસ કરી શકે તે માટે સરકારશ્રી ધ્વારા રાજયમાં વિવિધ સ્થળે સરકારી છાત્રાલયો ચલાવવામાં આવે છે. હાલમાં આવા અનુસૂચિત જાતિના ૭૩ છાત્રાલયો ચાલે છે જેમાં સ્નાતક, અનુસ્નાતક અને ડીપ્લોમાં/ ડીગ્રી, એન્જીનીયરીંગ, ડેન્ટલ, ફીજીયોથેરોપી, એમ.બી.એ., એમ.સી.એ, સી.એ. વગેરે ઉચ્ચ અભ્યાસની સગવડતા વાળા વિદ્યાર્થીઓ છાત્રાલયમાં રહીને અભ્યાસ કરે છે. આ કોલેજોમાં કેન્દ્રીય પધ્ધતિથી પ્રવેશ આપવામાં આવે છે આ ઉચ્ચકક્ષાના અભ્યાસક્રમો ચાલતા હોઇ છાત્રો ઉપલબ્ધ થઇ શકાશે. જેથી વંચાણે લીધા ક્રમ-૧ પરના નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના તા.૪-૧૦-૨૦૧૬ ના પત્રથી વર્ષ ૨૦૧૭-૧૮માં અનુસૂચિત જાતિની સરકારી આદર્શ નિવાસી શાળા (કન્યા/ અ.જા) ભૂજ-કચ્છ ખાતે સામાન્ય પ્રવાહ ધોરણ-૯નો વર્ગ શરૂ કરવા બાબતે નવી બાબત રજુ કરવામાં આવેલ છે. પ્રસ્તુત દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે આ નવી સેવાને મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી,વર્ગ-૩ ની કુલ ૧૦ નવી જગ્યાઓ ઉભી કરવાની મંજુરી આપવા વિનંતી કરેલ છે. પરંતુ આ દરખાસ્ત અન્વયે નવી કોઇ જગ્યાઓ મંજુર નહીં કરવાની શરતે સૈધ્ધાંતિક અનુમતી આવેલ હોઇ, આ તબબકે મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી,વર્ગ-૩ની નવી કોઇ જગ્યાઓ મંજુર કરવામાં આવતી નથી. પરંતુ આ જગ્યાઓ આંતરિક વ્યવસ્થાથી/આઉટસોસીંગથી

મેળવવાની રહેશે. છાત્રાલય શરૂ કરવા માટે જરૂરી એવી જરૂરિયાત મુજબની ચોકીદાર, પટાવાળા, વર્ગ-૪ની જગ્યાઓની કામગીરી આઉટસોર્સીંગનાં ધોરણે કરાવવાની મંજુરી આપવામાં આવે છે.તથા પ્રસ્તુત રાજયમાં અનુસૂચિત જાતિનાં બોટાદ, વેરાવળ, પોરબંદર, લુણાવાડા તથા ભરૂચ ખાતે એમ ૫ (પાંચ) કુમાર તથા બોટાદ, વેરાવળ, દાહોદ, મોડાસા તથા નડીયાદ ખાતે ૫ (પાંચ) કન્યામળી કુલ ૧૦ (દશ) સરકારી છાત્રાલયો શરૂ કરવાની અંગેની દરખાસ્તમાં થનાર રીકરીંગ/નોન રીકરીંગ ખર્ચ પેટે મળી કુલ રૂ.૨૬૭/- લાખની જોગવાઇ મંજુર રહેલ હોઇ, વર્ષ ૨૦૧૭-૧૮ના અંદાજપત્રમાં વિભાગ-૧ની નવી બાબત તરીકે માંગણી નં.૯૫, મુખ્ય સદર-૨૨૨૫-૦૧-૨૭૭-૧૭ બજેટ હેડ હેઠળ થયેલ જોગવાઇ કુલ રૂ.૨૬૭/-(અંકે રૂપિયા બે કરોડ સડસઠ લાખ પુરા) ને નીચેની શરતોને આધિન વહીવટી મંજુરી આપવામાં આવે છે.

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ વર્ષ ૨૦૧૭-૧૮ની અંદાજપત્રીયજોગવાઇનેઆધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રવર્તમાન નિયમોનેઆધીન ચાલુ તથા જરૂરિયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોનીજોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતાં ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયેફાળવેલગ્રાંટનોઅન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદ નીતિની જોગવાઇઓનુંચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) આઇ.ટી.સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ્ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતોખ્-વખતનીસૂચનાઓનુંચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) આ કામના ટેન્ડરપ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા. ૨૨/૧૧/૨૦૦૬ ના ઠરાવ ક્રમાંક: એસપીઓ /૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઈ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓનુંચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૯) રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નિયત કરેલ કાર્યભારણનોચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૧૦) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવનું રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તારીખ-૦૩-૦૫-૨૦૧૭ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ઘનશ્યામસિંહ મકવાણા)
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,
નિયામકશ્રી,
અનુસૂચિત જાતિ કલ્યાણ,
ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
નકલ રવાના:-
માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ /રાજકોટ
નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
નાણાં સલાહકારશ્રી (સા.ન્યા), સચિવાલય, ગાંધીનગર.
સંબંધિત નાયબ નિયામકશ્રી, અજાક, ની કચેરી, (નિયામકશ્રી,અજાક, મારફત)
સંબંધિત જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (પંચાયત) (નિયામકશ્રી,અજાક, મારફત)
જીલ્લા તિજોરી અધિકારીશ્રી, (નિયામકશ્રી,અજાક, મારફત)
સે.અ.શ્રી, બજેટ શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય,ગાંધીનગર
સે.અ.શ્રી, કો.સેલ-શાખા, વિભાગની વેબસાઇટ પર મૂકવા વિનંતી સહ.
પસંદગી ફાઇલ.